પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૬ | ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૧, શનિવાર; મહા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીનો શંખનાદ

**પશ્ચિમ બંગાળ-આસામમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૭ માર્ચે યોજાશે, પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામ ૨મેના રોજ જાહેર થશે : પુડુચેરી-કેરળ,તમિલનાડુમાં છ એપ્રિલના રોજ મતદાન યોજાશે : આસામમાં ત્રણ તબક્કામાં, તમિલનાડુ,પુડુચેરી અને કેરળમાં એક તબક્કામાં મતદાન યોજાશે**

ન્યુ દિલ્હી,તા.૨૬

પાંચ રાજ્યમાં ચૂંટણીની તારીખોની જાહેરાત થઈ ગઈ છે. આ રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ, આસામ અને પુડુચેરીનો સમાવેશ થાય છે. મુખ્ય ચૂંટણી વડા સુનીલ અરોડાએ શુક્રવારે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમ પ્રમાણે મતદાનની શરૂઆત પશ્ચિમ બંગાળ અને આસામથી થશે. આ બન્ને રાજ્યમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૭ માર્ચના રોજ યોજાશે. પાંચ રાજ્યોમાં મતગણતરી ૨ મેના રોજ થશે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધારે ૮ તબક્કામાં ચૂંટણી યોજાશે. આસામમાં ૩ તબક્કામાં અને અન્ય ત્રણ રાજ્યોમાં એક તબક્કામાં ચૂંટણી યોજાશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે, આસામમાં ૩ તબક્કામાં વિધાનસભા ચૂંટણી થશે. પહેલા તબક્કામાં ૪૭ સીટો પર ૨૭ માર્ચથી વોટિંગ થશે. બીજા તબક્કાની ૪૯ સીટો પર ૧ એપ્રિલના વોટિંગ થશે. ત્રીજા તબક્કાની ૪૦ સીટો પર ૬ એપ્રિલના વોટિંગ થશે અને તમામ જગ્યાઓ પર ૨ મેના પરિણામો જાહેર થશે. તો કેરળમાં ૧૪ જિલ્લાની ૧૪૦ વિધાનસભા સીટો પર એક જ તબક્કામાં ૬ એપ્રિલના ચૂંટણી થશે.

પોન્ડિચેરીમાં ૬ એપ્રિલના વોટિંગ થશે અને ૨ મેના પરિણામો આવશે. તમિલનાડુ અને કેરળમાં ફક્ત એક જ તબક્કામાં મતદાન થશે. અહીં મતદાન ૬ એપ્રિલના થશે. આ જ રીતે કેરળમાં પણ ૬ એપ્રિલના જ મતદાન થશે. પોંડિચેરીમાં એક તબક્કામાં જ મતદાન થશે અને ૨ મેના પરિણામો આવશે. તો પશ્ચિમ બંગાળમાં ૮ તબક્કામાં મતદાન થશે. બંગાળમાં ૨૭ માર્ચના પહેલા તબક્કાનું મતદાન થશે. બીજા તબક્કામાં ૧ એપ્રિલના મતદાન થશે.

ઉલ્લેખનીય છે કે ૪ 'મે'થી બૉર્ડની પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. આને જોતા ચૂંટણી પંચે ૫ રાજ્યોમાં ૧લી 'મે'થી પહેલા ચૂંટણી કાર્યક્રમ પૂર્ણ કરવાનો પ્લાન બનાવ્યો છે. ચૂંટણી પંચે કહ્યું કે, તમામ ચૂંટણી અધિકારીઓનું રસીકરણ થશે. આસામમાં આ વખતે૩૩ હજારથી વધારે પોલિંગ સ્ટેશનો હશે, તમિલનાડુંમાં ૮૮ હજારથી વધારે પોલિંગ સ્ટેશન હશે. પશ્ચિમ બંગાળમાં ૧ લાખ ૧ હજારથી વધારે પોલિંગ સ્ટેશન હશે. કેરળમાં ૪૦ હજારથી વધારે પોલિંગ બૂત હશે. પોંડિચેરીમાં ૧૫૦૦થી વધારે પોલિંગ બૂથ હશે.

આ વિધાનસભા ચૂંટણીમાં ૧૮ કરોડથી વધારે મતદારો વોટિંગ કરશે. કુલ ૮૨૪ વિધાનસભા સીટો પર મતદાન થશે. દરેક જગ્યાએ મતદાન કેન્દ્ર ગ્રાઉન્ડ ફ્લોર પર હશે. આનાથી કોઈ સમજૂતી કરવામાં નહીં આવે. ઉમેદવારોને ફક્ત ૫ લોકો સાથે જ ઘરેઘરે જઈને ચૂંટણી પ્રચાર કરવાની અનુમતિ હશે.



**બંગાળમાં ૮ તબક્કામાં મતદાન**

| | | |
|---|---|---|
| પ્રથમ તબક્કો | : બેઠકો : ૩૦ | ● મતદાન: ૨૭ માર્ચ |
| બીજો તબક્કો | : બેઠકો : ૩૦ | ● મતદાન: ૧લી એપ્રિલ |
| ત્રીજો તબક્કો | : બેઠકો : ૩૧ | ● મતદાન: ૬ એપ્રિલ |
| ચોથો તબક્કો | : બેઠકો : ૪૪ | ● મતદાન: ૧૦ એપ્રિલ |
| પાંચમો તબક્કો | : બેઠકો : ૪૫ | ● મતદાન : ૧૭ એપ્રિલ |
| છઠ્ઠો તબક્કો | : બેઠકો : ૪૩ | ● મતદાન: ૨૨ એપ્રિલ |
| સાતમો તબક્કો | : બેઠકો : ૩૬ | ● મતદાન: ૨૬ એપ્રિલ |
| આઠમો તબક્કો | : બેઠકો : ૩૫ | ● મતદાન: ૧૨ એપ્રિલ |

**આસામમાં 3 તબક્કામાં મતદાન**

| | | |
|---|---|---|
| પ્રથમ તબક્કો | : બેઠકો : ૪૭ | ● મતદાન: ૨૭ માર્ચ |
| બીજો તબક્કો | : બેઠકો : ૩૯ | ● મતદાન: ૧લી એપ્રિલ |
| ત્રીજો તબક્કો | : બેઠકો : ૪૦ | ● મતદાન: ૬ એપ્રિલ |

**કેરળમાં એક તબક્કામાં મતદાન**

| | | |
|---|---|---|
| પ્રથમ તબક્કો | : બેઠકો : ૧૩૦ | ● મતદાન : ૬ એપ્રિલ |

**તમિલનાડુમાં એક તબક્કામાં મતદાન**

| | | |
|---|---|---|
| પ્રથમ તબક્કો | : બેઠકો : ૨૩૪ | ● મતદાન: ૬ એપ્રિલ |

**પુંડુચેરીમાં એક તબક્કામાં મતદાન**

| | | |
|---|---|---|
| પ્રથમ તબક્કો | : બેઠકો : ૩૦ | ● મતદાન: ૬ એપ્રિલ |

## નિરવ મોદીને રાખવા મુંબઈની આર્થર રોડ જેલમાં તૈયારીઓ

મુંબઈ, તા. ૨૬

પંજાબ નેશનલ બેંકને અબજો રુપિયાનો ચૂનો લગાવીને રફુચક્કર થઈ ગયેલા નિરવ મોદીને હવે ભારત લાવવાનો રસ્તો લગભગ સાફ થઈ ચૂક્યો છે. યુકેની કોર્ટે નિરવ મોદીને ભારત ભેગો કરવાની આખરી મંજૂરી માટે કેસને યુકે સરકારને મોકલી દીધો છે. બીજી તરફ, આ વીઆઈપી કેદીને રાખવા માટે મુંબઈની આર્થર રોડ જેલમાં ખાસ તૈયારીઓ પણ થઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર નિરવ મોદીને બે માળની બેરેક નંબર ૧૨ના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ત્રણમાંથી એક સેલમાં રાખવામાં આવી શકે છે. અજમલ કસાબને ફાંસીએ લટકાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

## શેરબજાર કડડભૂસ : સેન્સેક્સમાં ૧૯૩૯ પોઈન્ટનો કડાકો

**છેલ્લા બે દિવસની તેજીને બ્રેકઃ સેન્સેક્સે ૫૦ હજારની સપાટી ગુમાવી : દિવસના અંતે સેન્સેક્સ ૪૯,૦૯૯ના સ્તરે અને નિફ્ટી ૫૬૮ના ઘટાડા સાથે ૧૪,૫૨૯ની સપાટીએ બંધ : રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૪.૬૫ લાખ કરોડનું ધોવાણ**

મુંબઈ,તા.૨૬

શેરબજારમાં આજે બંધ થતાની સાથે કડાકો જોવા મળ્યો છે. જેમાં બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સક્સ -૧,૯૩૯.૩૨ પોઈન્ટ એટલે કે (૩.૮૦%) ના કડાકા સાથે ૪૯,૦૯૯.૯૯ ના સ્તર પર બંધ રહ્યો છે.

તેમજ નેશનલ સ્ટોક એક્સચેંજની નિફ્ટી -૫૬૮.૨૦ પોઈન્ટ્સ એટલે કે (૩.૭૬%) ટકા કડાકા સાથે ૧૪,૫૨૯.૧૫ ના સ્તર પર બંધ રહી છે. તેમજ આજે સેન્સેક્સે બંધ થતા ૫૦,૦૦૦ની સપાટી ગુમાવી છે.

શેરબજારમાં તીવ્ર વેચવાલીને પગલે ગણતરીના ત્રણ કલાકમાં જ રોકાણકારોની રૂ.૪.૬૫ લાખ કરોડની સંપત્તિ સ્વાહા થઈ ગઈ હતી. વોલેટાલિટી ઈન્ડેક્સ ૨૬ ટકા ઉછળીને ૨૮.૮૦ થયો હતો જેનો અર્થ એ થયો કે આગામી સમયમાં શેરબજારમાં ભારે અફરાતફરી જોવા મળી શકે છે.

શરૂઆતના કારોબારમાં ઈન્ડેક્સ ૧૧૦૦ અંક ઘટી દિવસના સૌથી નીચલા સ્તર

● અનુસંધાન પાન-૭ પર

## દેશભરમાં બંધને મિશ્ર પ્રતિસાદ

**ગુજરાત સહિતના અનેક રાજ્યોના મોટા શહેરોમાં બંધની સામાન્ય અસર રહી : યુપી, રાજસ્થાનમાં નહીંવત અસર**

નવી દિલ્હી, તા. ૨૬

કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (સીએઆઈટી) એ જીએસટીના ગૂંચવાડા અને ઈ-કોમર્સને લગતા મુદ્દાઓ વિરુદ્ધ ભારત બંધનું એલાન આપ્યું હતું જેમાં દેશના ગુજરાત સહિતના મોટાભાગના રાજ્યોમાં બંધની મિશ્ર અસર જોવા મળી હતી. બંધ અસર યુપી અને રાજસ્થાનમાં જોવા મળી નથી. ઘણી વેપારી સંસ્થાઓએ આમાંથી પોતાને દૂર રાખી છે. કેટનો દાવો છે કે દિલ્હી સહિત દેશભરના ૪૦,૦૦૦ દેશના વેપાર સંગઠનોના ૮ કરોડથી વધુ વેપારીઓ આ બંધને સમર્થન આપી રહ્યા છે. તે જ સમયે, દિલ્હીની સરહદો પર નવા કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહેલા ખેડૂતો પણ બંધને સમર્થન આપી રહ્યા છે. ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ વેલ્ફેર એસોસિએશન તેને સમર્થન આપી રહ્યું છે. આ સંસ્થા આશરે ૧ કરોડ ટ્રાન્સપોર્ટર્સનું પ્રતિનિધિત્વ કરે છે.

બંધની અસર રાજસ્થાનમાં જોવા મળી નથી. જયપુરના તમામ બજારો રાબેતા મુજબ ખુલ્લા રહ્યા હતા. અલવર અને જોધપુરમાં બંધની સામાન્ય અસર જોવા મળી. બંધની અસર બિહારમાં જોવા મળી છે. ઘણા રાજમાર્ગો ઉપર ટ્રકો ઉભા જોવા મળી હતી. એનએચ -૨, એનએચ -૩૦, એનએચ -૩૧, એનએચ -૫૫ સહિત વિવિધ સ્થળોએ ટ્રકો ઊભી જોવા મળી હતી.





**કોઝીકોડ રેલવે સ્ટેશન પર ચેન્નાઈ મંગલાપુરમ એક્સપ્રેસમાંથી**

## ટ્રેનમાંથી જિલેટિનની ૧૦૦ સ્ટીક, ૩૫૦ ડિટોનેટર જપ્ત

**એક સંદિગ્ધ મહિલા મુસાફરની ધરપકડ : કેરળના કોઝીકોડ રેલવે સ્ટેશન પર ચેન્નાઈ મંગલાપુરમ એક્સપ્રેસમાંથી વિસ્ફોટકોનો મોટો જથ્થો જપ્ત કરાયો**

કોઝીકોડ,તા.૨૬

કેરળના કોઝીકોડ રેલવે સ્ટેશન પર ચેન્નાઈ મંગલાપુરમ એક્સપ્રેસમાંથી વિસ્ફોટકોનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. રેલવે સુરક્ષા દળોએ ટ્રેનમાંથી ૧૦૦થી વધુ જિલેટિનની સ્ટીક અને ૩૫૦ ડિટોનેટર જપ્ત કર્યા છે. આ મામલામાં એક મહિલાની ધરપકડ પણ કરવામાં આવી છે. ટ્રેનમાં વિસ્ફોટક મળ્યા બાદ એક સંદિગ્ધ મહિલા મુસાફરની ધરપકડ કરવામાં આવી છે, જે તમિલનાડુની હોવાનું કહેવાઈ રહ્યું છે. મહિલાની સીટની નીચેથી વિસ્ફોટક મળી આવ્યા છે. મહિલાએ સ્વીકાર કર્યો છે કે તે કૂવો ખોદવાના ઉદ્દેશ્યથી જિલેટિનની સ્ટીક લઈને આવી હતી. જિલેટિન એક પ્રકારનો વિસ્ફોટક છે જેને લિક્વિડ કે સોલિડ ફોર્મમાં ઉપયોગ કરવામાં આવે છે. તે ગન-કાટન ફેમિલીનો વિસ્ફોટક માનવામાં આવે છે. ભારતમાં આ વિસ્ફોટકનો ઉપયોગ પહાડોને તોડવા અને ખાણમાં કરવામાં આવે છે. ભારતમાં તેને લાઈસન્સની સાથે રાખવાની મંજૂરી છે પરંતુ તેની માત્રા અને ઉપયોગ સરકાર નિર્ધારિત કરે છે. જિલેટિનમાં ટ્રિગરના માધ્યમથી વિસ્ફોટ કરવામાં આવે છે. ડેટોનેટરની સાથે કન્ટ્રોલ સ્થિતિમાં આ વિસ્ફોટકોને ડેટોનેટ કરી વિસ્ફોટ કરવામાં આવે છે. જિલેટિનનો ઉપયોગ નક્સલી સંગઠનો ઉપરાંત આતંકી સંગઠનો પણ કરે છે. નોંધનીય છે કે, ગુરૂવારે મુંબઈના એક પોશ વિસ્તારમાં એક સંદિગ્ધ કાર મળવાથી હડકંપ મચી ગયો હતો. વિસ્તારમાં રહેતા લોકોએ સંદિગ્ધ વાહનની જાણકારી પોલીસને આપી હતી. ઘટનાની સૂચના મળ્યા પછી સુરક્ષાકર્મી ગાડીની તપાસ કરી. મુંબઈ પોલીસના પીઆરઓએ જણાવ્યું કે એક




● અનુસંધાન પાન-૭ પર

### અમે સરકાર સામે અંતિમ શ્વાસ સુધી લડાઇ લડવા માટે તૈયારઃ રાકેશ ટિકૈત

અયોધ્યા,તા.૨૬

ખેડૂત આંદોલન શરુ થયા બાદ અયોધ્યા પહોંચેલા ભારતીય કિસાન યુનિયનના અધ્યક્ષ રાકેશ ટિકૈતે કહ્યુ હતુ કે, અમે અમારા અંતિમ શ્વાસ સુધી લડાઈ લડવા માટે તૈયાર છે. હવે લોકો વચ્ચે જઈને અમે સરકારની કથની અને કરનીમાં જે ફરક છે. તેની જાણકારી આપીશું. તેમણે દાવો કર્યો હતો કે, ભગવાન રામ અમારા પૂર્વજ છે અને હું પહેલી વખત અયોધ્યા આવ્યો છું.સરકાર નવા કૃષિ કાયદા પાછા લે તેવી અમારી માંગ યથાવત છે. ભગવાન રામના નામ પર સત્તા મેળવનાર ભાજપ ભગવાન રામના વંશજો પર જુલ્મ કરી રહી છે.

## દરેક રાજ્યમાં કોરોનાની બીજી લહેર આવશે : નિષ્ણાતોનો દાવો

**ભારતમાં યુવાનોની સંખ્યા વધુ હોઈ અન્ય દેશોની સરખામણીએ બીજી લહેરની તિવ્રતા ઓછી હોઈ શકે છે**

બેંગલુરુ, તા. ૨૬

કેરળ અને મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો છે, જેને કોરોનાની બીજી લહેર માનવામાં આવી રહી છે. કર્ણાટક અને તમિળનાડુના એક્સપર્ટસના જણાવ્યા મુજબ, અન્ય રાજ્યોમાં પણ આજે નહીં તો કાલે આવી સ્થિતિ આવશે જ. કોરોના વાયરસ, તેના વેરિયટન્સ અને વેક્સિનેશન પર ગુરુવારે ન્યુબર્ગ ડાયગ્નોસ્ટિક દ્વારા આયોજિત પેનલ ડિસ્કશનમાં એક્સપર્ટસે કહ્યું કે, (કોરોનાની) બીજી લહેર નિશ્ચિત છે.

શું ભારત બીજી લહેરનો સામનો કરી રહ્યું છે? તેના પર ચેન્નાઈની એપોલો હોસ્પિટલના ચેપી રોગોના નિષ્ણાત ડો. વી રામાસુબ્રમણિયમે કહ્યું કે, યુકે અને યુએસ સહિતના દેશો કે જે ભારત કરતા કેસોની બાબતમાં ત્રણથી ચાર મહિના આગળ છે, તેમાં બીજી લહેર આવી હતી. તેમણે કહ્યું કે, ભારતમાં બીજી લહેર ન આવવાનું મને કોઈ કારણ

● અનુસંધાન પાન-૭ પર

Vશાલ
SUPER MARKETની આજ
તલોદ હાંડવો
૫૦૦ ગ્રામ
રૂ. ૭૦/- MRP. ૮૫/-
સેક્ટર-૬/કુડાસણ

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની વશીકરણ
પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
One Side Love | Happy Love Life | Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન
વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર-૨૨, ગાંધીનગર
9909555191

જોઈએ છે
પેટ્રોલ/ડીઝલ/CNG ભરવા માટે માણસો જોઈએ છે.
સંપર્ક
પ્રિન્સ ગેસોલીન
(IOC Petrol Pump)
રાયસણ પાટીયા, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૩૭૦૩૨
મો. ૯૯૨૫૧ ૨૬૫૪૮

સરકાર માન્ય
વાછાણી COVID-19 હોસ્પિટલ
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569
ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધ: વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹19*/ 500 mL
અમૂલ
સ્લિમ 'એન' ટ્રિમ
250 mL ₹ 10*, 200 mL ₹ 8*
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્ર: 079 - 23969055/ 56/57
Amul The Taste of India